# હિંમતનગર ખાતે ૩૩મો આંતર કૉલેજ ખેલકૂદ રમતોત્સવનો પ્રારંભ

## પ્રાંતિજના યજમાન પદે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ૩૩મો આંતર કોલેજ ખેલકૂદ રમતોત્સવનો પ્રારંભ થયો : ૧૧૭ કોલેજના ૧૦૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો







પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ ના યજમાન પદે ૩૩ મો આંતર કોલેજ ખેલકૂદ રમતોત્સવ હિંમતનગર ખાતે પ્રારંભ થયો હતો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા આયોજીત અને શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ ના યજમાન પદે ૩૩ મો આંતર કોલેજ ખેલકૂદ રમતોત્સવ હિંમતનગર ના સાબર સ્ટેડિયમ માં યોજાયો હતો જેમા તા.૧૦ ડીસેમ્બર થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૨ સુધી ચાલનાર આ રમતોત્સવ નુ ઉદ્ઘાટન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ના કુલપતિ પ્રો.જાબાલી જે.વોરાના અધ્યક્ષ પદે યોજાયો હતો તો પ્રો. રોહિત કુમાર દેસાઈ તેમજ પ્રાંતિજ અધ્યાપક સમાજ પ્રાંતિજ ના પ્રમુખ પ્રા.કે.એસ.શાસ્ત્રી તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ના બોર્ડ ઓફ ચેરમેન શૈલેષભાઈ પટેલ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ શારિરીક શિક્ષણ અને યુવા કલ્ચર પ્રવૃતિ ના ડાયરેક્ટર પ્રો.ડાૅ ચિરાગ એ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા આ રમતોત્સવ મા ૧૧૭ કોલેજ ના ૧૦૮૧ વિધાર્થીઓએ દોડ , કૂદ અને ફેંક જેવી વિવિધ સ્પર્ધાઓમા ભાગ લીધો હતો જેમા ૮૦૦ મીટર દોડ ભાઈઓમા ઠાકોર વીરસંગજી ચંપુજી ડીસા કોલેજ પ્રથમ તો ૮૦૦ મીટર દોડ બહેનોમા રબારી સતી લાખાભાઈ હિંમતનગર કોલેજ પ્રથમ નંબર આવેલ તો ૧૦૦૦ મી દોડ મા ચૌધરી હિતેશ કુમાર ફલજીભાઈ ઉઝા કોલેજ પ્રથમ તો બહેનો મા ૧૦૦૦ મીટર દોડ મા બુંબાડીયા અંજનાબેન રોહિત ભાઈ ઈડર કોલેજ નો પ્રથમ નંબર આવ્યો હતો જયારે હાઈજંપ ભાઈઓમા ઠાકોર અરવિંદ કુમાર અનુકજી ગઢ કોલેજ નો પ્રથમ નંબર આવ્યો હતો જયારે બહેનો મા રાજપૂત માહી અજીતસિંહ હિંમતનગર કોલેજ નો પ્રથમ નંબર આવ્યો હતો તો વિજેતા થયેલ તમામ સ્પર્ધકોને કોલેજ ના આચાર્ય ડાૅ.કે.આર. પ્રસાદ તેમજ સંચાલક ડાૅ.મહેલભાઈ પી.પટેલ પ્રાંતિજ કોલેજ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# અમદાવાદ ખાતે બી.એ.પી.એસ.સંસ્થા દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉજવાશે





પ્રાંતિજ તા.૧૧

અમદાવાદ ખાતે બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ૬૦૦ એકર ની વિશાળ ભૂર્મિમા ૩૦ દિવસ સુધી ઉજવણી કરવામા આવનાર છે જેને લઈ ને મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના હસ્તે ૧૪ મી ડીસેમ્બર ને બુધવાર ના રોજ ઉદ્ઘાટન કરવામા આવશે.અમદાવાદ ના આંગણે બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ગુજરાત - દેશ સહિત વિદેશોમા પોતાની આગવી છાપ ઉભી કરી છે એવા પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ની તૈયારીઓ પૂર્ણ થવાને આરે છે અને મહાન સંત પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ ને અંજલિ આપવા માટે ભારત અને વિદેશ માંથી ઠેરઠેર લાખો લોકો ઉમટી પડશે ત્યારે બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ૬૦૦ એકર ની વિશાળ ભૂમિમા પ્રમુખ સ્વામી મહારાજ નગર ઉભુ કરવામા આવ્યુ છે ત્યારે આ મહોત્સવ સ્થળ ના અનેક આકર્ષણો જીવન ધડતર ની પ્રેરણા આપે છે અને લોકોને નૈતિક-આધ્યાત્મિક બાબતો જીવનમા નવી રીતે શીખવાની અને અપનાવવાની એક તક પુરી પાડે છે તો પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નુ ઉદ્ઘાટન તારીખ ૧૪ ડીસેમ્બર ને બુધવાર ના રોજ મંહત સ્વામી મહારાજ અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્ઘાટન થશે ત્યારે ૧૪ ડીસેમ્બર ૨૦૨૨ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ એમ ૩૦ દિવસ સુધી પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ને લઈ ને વિવિધ કાર્યક્રમો ઉત્સવો યોજાશે તો તારીખ ૧૫ ડીસેમ્બર ને ગુરૂવાર ના રોજ દેશ ના ગૃહમંત્રી અમિત ભાઈ શાહ થી લઈ ને દેશ-વિદેશ ના મહાનુભાવોની ઉપસ્થિત મા ૩૦ દિવસીય કાર્યક્રમોના ' ઈન્ટરનેશનલ કન્વેન્શન ફોર બેટર લિવિંગ ' નો આરંભ થશે તો સંસ્કૃતિ દિન , પરા ભકિત દિન , મંદિર ગૌરવદિન , ગુરૂ ભકિત દિન , સંવાદિતા દિન , સમરસતા દિન , આદિવાસી ગૌરવદિન , અધ્યાત્મ અને આરોગ્ય દિન , વ્યસન મુકિત-જીવન પરિવર્તન દિન , સંસ્કાર અને શિક્ષણ દિન , મહિલા દિન , સંત કીર્તન આરાધના અને પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ સહિત ૩૦ દિવસ સુધી કાર્યક્રમો યોજાશે ત્યારે અહી મહોત્સવ દરમ્યાન રંગબેરંગી ડિઝાઈન તેમજ પ્રરેક સંદેશ સાથે પ્રમુખ જ્યોતિ ઉધાન એટલે કે ગ્લો ગાર્ડન ૨૧૦૦ સ્વયં સેવકો ની દિવસ-રાત ની મહેનત થી અદ્ભુત રીતે સજાવટ કરી તૈયાર કરવામા આવેલ છે અને ૧૦ એકર વિસ્તાર મા તૈયાર કરવામા આવેલ ગ્લો ગાર્ડન માં અંદર પ્રકાશિત થાય તેવા સ્વયંસેવકોએ હાથે બનાવેલ કદના આઠ હજાર થી વધુ ફુલો ઝગમગી ઉઠયા છે અને ૨૧૦૦ થી વધુ સ્વયંસેવકોએ છેલ્લા છ મહિના થી આ ગ્લો ગાર્ડન ઉભુ કર્યુ છે.

# તલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે હાડકા અને આંખનો નિદાન સારવાર કેમ્પ યોજાયો



તલોદ તા ૧૧

સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠ સામૂહિક આરોગ્ય કેન્દ્ર તરીકે જેની ગણના થાય છે એવા તલોદ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આંખ અને હાડકાનો નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો

આ અંગે માહિતી આપતાં તલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડો જતીન પટેલે જણાવ્યું હતું કે આજરોજ તલોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા આરોગ્ય અધિકારી ના માર્ગદર્શન હેઠળ આંખ અને હાડકાનો નિદાન અનેસારવાર કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અમદાવાદ થીઆંખ ના નિષ્ણાત સર્જન ડો સ્વપ્રિલ જોશી અને હાડકા નારોગોના નિષ્ણાત સર્જન ડો નિસર્ગ પટેલે તબીબી સેવાઓ આપી હતી આ કેમ્પ માં આંખના એકસો અગીયાર અને હાડકાના સો દર્દી ઓ મળી કુલ બસો દસ દર્દીઓ એ નિદાન અને સારવાર નો લાભ લીધો હતો. આ કેમ્પ ને સફળ બનાવવા માટે તાલુકા આરોગ્ય ઓફિસર ડો વિનોદ મુઘડ તથા તલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડો જતીન પટેલ તથા કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવી હતી

# પ્રાંતિજમાં એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા ગાયોને ગોળ ખવડાવવામા આવ્યો

## પ્રાંતિજ ગૌ શાળાની ગાયોને ગોળ ખવડાવવામા આવ્યો



પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગૌ શાળાની ગાયો ને ગોળ ખવડાવવામા આવ્યો હતો.પ્રાંતિજ ખાતે કાર્યરત એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજ ના કતપુર-લીમલા રોડ ઉપર આવેલ ગૌ શાળા ની ગાયોને ગોળ ખવડાવવામા આવ્યો હતો જેમા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન ના અધ્યક્ષ મહંત સુનીલદાસજી મહારાજ તથા એકલવ્ય ફાઉન્ડેશન ના અધ્યક્ષ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા આરબ સોની ઉપસ્થિત રહ્યા.

# અરવલ્લી : મોડાસા શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટીમાં આગ લાગતા અગત્યના ડોક્યુમેન્ટસ અને ફર્નિચર આગમાં સ્વાહા




મોડાસા, તા.૧૧

મોડાસા શહેરની ખડાયતા બોર્ડિંગમાં આવેલી અગ્રણી બેક્કિંગ સહકારી સંસ્થા શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી લિમિટેડની ઓફિસમાં અગમ્ય કારણોસર આગ લાગતા ઓફિસમાં રહેલી ફાઈલ અને રાચરચીલું બળીને ખાખ થતા સોસાયટીના ચેરમેન, સદસ્યો અને કર્મચારીઓ તાબડતોડ પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો સદ્નસીબે ઓફિસના એક જ ભાગમાં આગ લાગતા અન્ય ડોક્યુમેન્ટ્સ, કોમ્પ્યુટર સામગ્રી તેમજ ફર્નિચરનો બચાવ થતા રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા બસ સ્ટેન્ડ રોડ પર ખડાયતા બોર્ડિંગના બિલ્ડિંગ્સમાં આવેલી શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી લિમિટેડની ઓફિસમાં શનિવારે મોડી રાત્રે આગ લાગી હોવાની જાણ સોસાયટીના સત્તાધીશો અને કર્મીઓને થતા ચોંકી ઉઠ્યા હતા તાબડતોડ રાત્રીના આશરે બે વાગ્યાના સુમારે ઓફિસ પર પહોંચી આગ પર પાણીનો મારો ચલાવતા આગ કાબુમાં આવી હતી ઓફિસના એક ભાગમાં આગની ઘટનાના પગલે અગત્યની ફાઈલ્સ અને ફર્નિચર આગમાં ખાખ થઈ ગયું હતું શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી લિમિટેડની ઓફિસમાં આગ લાગતા ટાઉન પોલિસીને જાણવાજોગ અરજી આપતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# લાલપુરના ડુંગરમાં દિપડાનું પગેરું શોધવા વન વિભાગ દોડ્યું

## ડુંગર વિસ્તારમાં પગેરુ ન મળતાં ગ્રામજનોના નિવેદન નોંધ્યા



બાયડ , તા.૧૧

મોડાસા તાલુકાના લાલપુર (સરડોઈ)ના જંગલ વિસ્તારમાં એક સાથે ૩ દિપડા દેખાયા હોવાના અહેવાલો બહાર આવ્યા પછી વન વિભાગ દોડતું થયું છે. શનિવારે સરડોઈ-લાલપુર રાઉન્ડના વન કર્મચારીઓ જંગલ વિસ્તારમાં દિપડાનું પગેરું શોધવા દોડયા પરંતુ કોઈ સુરાગ મળ્યા ન હતા જેથી લાલપુરના ગ્રામજનોના નિવેદન નોંધી ફરીથી ક્યાંય દિપડો દેખાય તો તાત્કાલિક જાણ કરવા તાકીદ કરી છે.

છેલ્લા કેટલાક સમયથી સરડોઈ, લાલપુર અને દાવલીના સીમાડાઓમાં દિપડાનો કાયમી વસવાટ થઈ ગયો છે. આ વિસ્તારમાં અવાર નવાર દિપડાઓના આંટાફેરાના કારણે ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળતો હોય છે ત્યાં બે દિવસ પૂર્વે તાલુકાના લાલપુર (સરડોઈ)ના સીમાડામાં આવેલા ભંગોડીયા ડુંગર વિસ્તારમાં એક સાથે ડુંગર ઉપર ૩ દિપડા જોવા મળતાં સમગ્ર પંથકમાં દિપડાના આગમનથી ફફડાટ વ્યાપી ગયો હતો. સીમાડામાં દિપડાના આગમનના અહેવાલો બાદ વિભાગના વન કર્મચારીઓએ તાત્કાલિક તપાસ શરુ કરી હતી. તા.૧૮ના રોજ સરડોઈ-લાલપુર રાઉન્ડના બીટગાર્ડ સંજય ચૌધરી સહિતની ટીમે જંગલ વિસ્તારમાં જઈ દિપડાનું પગેરુ શોધવા માટે પ્રયાસ કર્યો હતો પરંતુ ઉજ્જડ ડુંગર વિસ્તારમાં ક્યાંય દિપડાના ફૂટમાર્ક મળ્યા ન હોવાના કારણે આખરે સ્થાનિક ગ્રામજનોના નિવેદનો નોંધી ફરીથી દિપડો દેખાશે તો પાંજરુ મૂકવાની સાંત્વના આપવામાં આવી છે.



સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તથા અંધજન મંડળ અમદાવાદ સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૧-૧૨-૨૦૨૨ ના રોજ વડાગામ ખાતે નેત્ર નિદાન કેમ્પ કરવામાં આવેલ તેમા ૫૧૦ દર્દીઓની તપાસ કરવામાં આવેલ તેમાંથી ૧૨૦ મોતિયાના દર્દીને ઓપરેશન કરવા માટે બારેજા ખાતે મોકલી આપેલ કેમ્પના મુખ્ય દાતા કમલેશભાઈ સોમાભાઈ મોઢ પટેલ તથા સહયોગી દાતા નરેન્દ્રભાઈ રમણભાઈ શાહ અને લીનેશ કુમાર હસમુખભાઈ શાહ-વડાગામ થયેલ આ કેમ્પ સફળ બનાવવા માટે બાબુભાઈ ગંગાણી, હીરાભાઈ પટેલ. ઈશ્વરભાઈ પટેલ , મગનકાકા હિરાખાડી કંપા, પંકજભાઈ કે પટેલ,કનુભાઈ પેપરવાળા મનુભાઈ શાહ, ગુણવંતભાઈ શાહ તથા રજનીભાઈ પટેલ સર્વે જોડાયેલ આ કેમ્પમાં માનનીય દિલીપસિંહજી પરમાર - માજી ધારાસભ્ય, જીતુભાઈ શાહ -પ્રમુખશ્રી, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ. મહેશભાઈ શાહ. ઉપસ્થિતિ રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ધન્વી અજિત શાહ
તલોદ



યુગવીરસિંહ ઝાલા
તલોદ